# નરેન્દ્ર મોદી પીએમ પદના ઉમેદવાર જાહેર



## ભાજપ સંસદીય બોર્ડની બેઠકમાં વિધિવત જાહેરાત કરાઈ : પક્ષપ્રમુખ રાજનાથસિંહે વરિષ્ઠનેતા અડવાણીની ગેરહાજરીમાં મોદીના નામની જાહેરાત કરી : સુષ્મા, જોશી સહિતના તમામ નેતાઓએ અભિનંદન આપ્યા

નવી દિલ્હી,તા. ૧૩

ભાજપ સંસદીય બોર્ડે વર્ષ ૨૦૧૪માંયોજાનારી લોકસભાની ચૂંટણી માટે ગુજરાતના મુખ્યમંત્રીઅને ભાજપ ચૂંટણી પ્રચાર સમિતિના વડા નરેન્દ્ર મોદીને પક્ષના પીએમ પદના ઉમેદવાર તરીકે વિધિવતરીતે જાહેર કરતા છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. નરેન્દ્ર મોદી હવે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર રહેશે અને આગામી લોકસભાની ચૂંટણી મોદીના નેતૃત્વ હેઠળ જ ભાજપ લડશે. પક્ષ પ્રમુખ રાજનાથસિંહે પત્રકાર પરિષદ યોજીને આની વિધિવતરીતે જાહેરાત કરી હતી. ભાજપ સંસદીય બોર્ડની બેઠકમાં તમામ સભ્યો મોદીના નામ પર સહમત હોવાનો દાવો પણ રાજનાથસિંહે કર્યો હતો જો કે પક્ષના વરિષ્ઠ નેતા અડવાણી મોદીના નામની જ્યારે જાહેરાત કરાઈ ત્યારે ઉપસ્થિત રહ્યા ન હતા જેથી ભાજપની અંદર હજુ પણ મોદીના નામને લઈને ખેંચતાણ હોવાની બાબત સપાટી પર આવી હતી. મોદીની ઉમેદવારીને લઈને પહેલાથી જ ચિત્ર સ્પષ્ટ થઈ ગયુહતુ. ભાજપના વરિષ્ઠનેતા વસુંધરા રાજેએ મોદીની પસંદગીની જાહેરાત ટ્વિટર પર પહેલાથી જ કરી દીધી હતી. મોદીએ વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે તેમની પસંદગી કરતા તેમના પ્રથમ નિવેદનમાં જણાવ્યું હતુ કે અનેક વર્ષો સુધી કાર્યકર તરીકે જુદી જુદી ભૂમિકા ભજવ્યા બાદ આ તક મળી છે. દેશની સેવા કરવા મહાનપાર્ટીએ તેમને હવે તક આપી છે. સામાન્ય પરિવાર અને સામાન્ય વિસ્તારમાંથી આવેલા કાર્યકરને મોટી કામગીરી સોંપવામાં આવી છે. પક્ષના તમામ સભ્યોનો તેમને ટેકો આપવા બદલ મોદીએ આભાર માન્યો હતો. ભાજપના સમર્થકોને ખાતરી આપતા મોદીએ કહ્યુ હતુ કે ૨૦૧૪ની ચૂંટણીમાં ભાજપની જીત થાય તે માટે કોઈ પણ તક જવા દેવામાં આવશે નહીં. સખત પરિશ્રમ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૮૪ | ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૩, શનિવાર; ભાદરવા સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ઉદારતા એ જ આપણી 'લાઇફબોટ' છે, જે જિંદગીના જહાજને ડૂબવાને ટાણે આપણને ઉગારી શકે
- ગુલઝાર

# શહેરમાં સાંજે તોફાની પવન સાથે વરસાદ



(તસવીર : દિપક જાની)

## છેલ્લા ત્રણ-ચાર દિવસથી પડી રહેલી ભારે ગરમી બાદ શુક્રવારે સાંજે વાદળો ઘેરાઈને વરસાદી ઝાપટું : ગરમીથી રાહત

ગાંધીનગર, તા.૧૩

ભાદરવાના માથુ ફાડી નાંખે તેવા આકરા તાપનો અનુભવ કર્યા બાદ શુક્રવારે સાંજે પડેલા સમયસરના વરસાદે વસાહતીઓને ખુબ રાહત આપી હતી. ભારે પવનની સાથે પડેલા વરસાદથી શહેરની ધરતી પુનઃ ભીંજાઈ હતી.

વરસાદે હજુ વિદાય લીધી નથી તેનો પુરાવો શુક્રવારે સાંજે મળ્યો હતો. આખો દિવસ ભારે ગરમી અને તડકો પડયા બાદ સાંજે જોરદાર પવન સાથે આકાશમાં કાળા વાદળો ઘેરાઈ આવ્યા હતા. અચાનક વાતાવરણમાં પલ્ટો આવ્યા બાદ પવન સાથે ધૂળની ડમરીઓ ઉડવા માંડી હતી અને શહેરમાં ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો હતો. ગઈકાલે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ભાગમાં ધોધમાર વરસાદ પડયા બાદ ગાંધીનગરમાં પણ વરસાદી ઝાપટું પડશે તેવી આશા બંધાઈ હતી. વળી છેલ્લા ઘણા દિવસોથી ગરમીનું પ્રમાણ ખુબ વધી જતા વસાહતીઓ પણ ગરમીથી કંટાળ્યા હતા. આજે તો એટલો બધો આકરો તાપ પડતો હતો કે ન પુછો વાત. ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની ગયું હતું. આખો દિવસ આકરો તાપ પડયા બાદ શુક્રવારે મોડી સાંજે પડેલા વરસાદથી વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી. ગરમી અને ભારે ઉકળાટથી સૌને રાહત મળી હતી.

# રાજય મંત્રીમંડળનું વિસ્તરણ હવે નજીકના સમયમાં કરાશે

ગાંધીનગર, તા.૧૩

નરેન્દ્ર મોદીના નામની આજે વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેરાત કરવામાં આવતાં હવે આગામી ટૂંક સમયમાં ગુજરાતમાં નરેન્દ્ર મોદી પોતાના મંત્રીમંડળનું વિસ્તરણ કરે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

ગત ડિસેમ્બર ૨૦૧૨માં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી સાથે વિજય મેળવીને ગુજરાતમાં સતત ત્રીજી વાર નરેન્દ્ર મોદીએ ગુજરાતના નાથ તરીકેની શાસન ધુરા સંભાળી હતી.

ગુજરાતમાં ત્રીજી વખત સત્તા સ્થાને આવ્યા બાદ નરેન્દ્ર મોદી તેમના મંત્રી મંડળનું વિસ્તરણ કરશે તેવી ઘણા લાંબા સમયથી અટકળો ચાલી રહી છે પરંતુ હજુ સુધી મંત્રી મંડળનું વિસ્તરણ કરવામાં આવ્યું નથી.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ રાજયકક્ષાએથી હવે રાષ્ટ્રીય રાજકારણમાં ઝંપલાવતા અને આગામી લોકસભા ચૂંટણી માટે ભાજપ અનો એન.ડી.એના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે નરેન્દ્ર મોદીના નામ પર મંજુરીની મહોર મારીને તેમના નામની વિધિવત જાહેરાત કરતાં હવે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આગામી લોકસભા ચૂંટણી ભાજપ લડશે.

આજે વિધિવત રીતે ભાજપ મોવડી મંડળ દ્વારા વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે નરેન્દ્ર મોદીના નામની જાહેરાત કરવામાં આવતાં હવે નરેન્દ્ર મોદીએ સૌથી વધુ સમય દિલ્હીમાં કાઢવો પડશે.




# મેટ્રો રેલ પ્રોજેક્ટની મેગા કંપનીના ચેરમેન પદે ડૉ. મંજુલા સુબ્રમણ્યમ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે આકાર લેનાર મેટ્રોરેલ પ્રોજેક્ટ માટે રચાયેલી મેગા કંપનીના ચેરમેન તરીકે રાજ્યના પૂર્વ મુખ્ય સચિવશ્રી ડૉ. મંજુલાબેન સુબ્રમણ્યમની વરણી કરવામાં આવી છે.



રાજય સરકારના અતિ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ મેટ્રોરેલ પ્રોજેક્ટને મિશન મોડ પર હાથ ધરવા માટે સરકારે આજે કંપનીના વાઈસ ચેરમેન તરીકે શ્રી આઈ.પી. ગૌતમની તેમજ કંપનીના સી.ઈ.ઓ. તરીકે શ્રી વિજય નેહરાની નિમણુંક કરી છે.

મેન્ટ્રોરેલ પ્રોજેક્ટની કામગીરી સંભાળતા શ્રી સંજય ગુપ્તાએ રાજીનામુ આપતાં આ કંપનીના નવા ચેરમેનની નિમણુંકને લઈ અટકળો તેજ બની હતી જેનો આજે સાંજે અંત આવ્યો છે.

ડૉ. મંજુલાબેન સુબ્રમણ્યમ મુખ્ય સચિવ ઉપરાંત વિજીલન્સ કમિશ્નર તરીકે પણ સેવાઓ આપી ચુક્યા છે. તેઓ અચ્છા વહીવટકર્તા હોવા ઉપરાંત એક અભ્યાસુ અધિકારી તરીકેની પણ આગવી ઓળખ ધરાવે છે. તેઓ તેમની આ નવી જવાબદારી આગામી સપ્તાહના આરંભે જ સંભાળશે તેમ જાણવા મળેલ છે.

મેગા કંપનીની નવી ટીમમાં નિમાયેલા વાઈસ ચેરમેન શ્રી આઈ. પી. ગૌતમ, શહેરી વિકાસ વિભાગના અગ્રસચિવ તરીકે તાજેતરમાં જ નિવૃત્ત થયા છે. જ્યારે શ્રી વિજય નહેરા હાલ રાજ્યના મુખ્યમંત્રીશ્રીના કાર્યલયમાં સચિવ તરીકે કાર્યભાર સંભાળી રહ્યા છે.

# રાજ્યમાં ૫૪ ગરીબ કલ્યાણ મેળા યોજાયા

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યમાં આજે ગરીબ કલ્યાણ મેળાના ૬ઠ્ઠા રાઉન્ડમાં જુદી જુદી યોજનાઓના ૧૬૭૪૨૫ લાભાર્થીઓને રૂ. ૨૧૬૯૭.૪૧ લાખની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આજથી સમગ્ર રાજ્યમાં ૫૪ જેટલા તાલુકાઓ અને ૩૬ નગરપાલિકાઓમાં આ ૨૫ ગરીબ કલ્યાણ મેળાઓ યોજવામાં આવ્યા છે. ગરીબ કલ્યાણ મેળા દરમ્યાન આવાસ યોજનાઓમાં ૧૩૦૩૧ લાભાર્થીઓને રૂ. ૨૭૩૪ લાખની સહાય ચૂકવવામાં આવશે. જ્યારે બેન્કેબલ અને સ્વરોજગારીની જુદી જુદી યોજનાઓ હેઠળ ૧૨૧૬૬ લાભાર્થીઓનેરૂ. ૬૫૮ લાખની સહાય ચૂકવવામાં આવશે.

આ ઉપરાંત મહિલા અને બાળ કલ્યાણની જુદી જુદી યોજનાઓ હેઠળ ૧૩૩૪ લાભાર્થીઓનેરૂ. ૧૩૦૭.૨૧ લાખની કૃષી અને પશુપાલન ક્ષેત્રની વિવિધ યોજનાઓ હેઠળ ૩૯૨૫ લાભાર્થીઓને રૂ. ૨૩૮ લાખની, સમાજ સુરક્ષા હેઠળની જુદી જુદી યોજનાઓ હેઠળ ૧૩૧૪ લાભાર્થીઓને રૂ. ૩૯.૪૧ લાખની સહાય ચૂકવવામાં આવશે.




# અંબાજીમાં ધાર્મિક માહોલમાં મહામેળાની વિધિવત શરૂઆત

ગાંધીનગર, તા. ૧૩

જેની ઉત્સુકતાપૂર્વક લાખો શ્રદ્ધાળુઓ રાહ જોઈ રહ્યા હતા તે વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં સાત દિવસીય મહામેળાની શરૂઆત થઈ ચૂકી



છે. ધાર્મિક સ્થળ અંબાજીમાં હાલમાં બોલ મારી અંબે જય જય અંબેના નાદ સાંભળવા મળી રહ્યા છે. લાખો પદયાત્રીકો અંબાજી તરફ આગેકૂચ કરી ચૂક્યા છે. અંબાજીમાં ૨૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓ પહોંચે તેવી શક્યતા દેખાઈ રહી છે. મા અંબાના દર્શન કરી પાવન અનુભવ કરવા માટે તમામ તૈયારીઓ શ્રદ્ધાળુઓ પહેલાથી જ કરી ચૂક્યા છે. બીજી બાજુ આટલી મોટી

● અનુસંધાન પાન-૭ પર

